GJJN080004702026

:: **<u>આંક–૫ લગત હુકમ</u>** ::

(૧)....હાલની અરજી તથા દાવાનું રેકર્ડ વંચાણે લીધું. પક્ષકારો તરફેની રજુઆતો ધ્યાને લીધી. આ કામના પ્રતિવાદી નં.૨ ધ્વારા દબાણ દુર કરવા બાબતે આપવામાં આવેલ નોટીસો અનુસંધાને વાદીએ હાલનો દાવો દાખલ કરી, શેરગઢ ગામે ગામતળમાં આવેલ રહેણાંક મકાન આશરે ૧૨૫ ચો.મી. વાદીની માલીકી કબજા ભોગવટાનું આવેલ છે તેમ ઠરાવી આપવા તથા દબાણ દુર કરવા બાબતે નોટીસ આપવા પ્રતિવાદીને કોઇ હકક–અધિકાર નથી તેમ ઠરાવી આપવા તથા આપેલ નોટીસ ગેરકાયદેસરની છે તેમ ઠરાવી આપવા તથા આનુસંગીક દાદ માંગેલ છે.

વાદીએ તેઓના હાલના દાવા સાથે હાલની આંક–૫ ની વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અર્થેની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ મુજબની રજુ રાખેલ છે. વાદીની હાલની અરજી વંચાણે લેતાં, તેઓની મુખ્યત્વે એવી રજુઆત છે કે, વાદી શેરગઢ મુકામે રહે છે અને ખેતીનું કામકાજ કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે, જયારે પ્રતિવાદી નં.૧ ગ્રામ પંચાયતના વહીવટી અધિકારી છે અને પ્રતિવાદી નં.૨ ગ્રામ પંચાયતના ચુંટાયેલા પ્રતીનીધી છે. વાદી જન્મથી શેરગઢ મુકામે રહે છે, તેમના પરદાદા ધારાબાપુ અમરાબાપુ જુના સ્ટેટ વખતના બારખલીદાર હતા. વાદીના પરદાદા પાસે સ્ટેટના સમયથી ખેતીની જમીન તથા ગામતળમાં રહેણાંક મકાન આવેલ છે. વાદીના પરદાદા ધારાબાપુ અમરાબાપુનું અવસાન થતાં તેમનું નામ કમી કરી, વાદીના પિતાનું નામ સામતભાઈ વિરાભાઈ બાબરીયા વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સને ૧૯૫૨ માં સૌરાષ્ટ્ર લેન્ડ રીફોર્મસ એકટ–૧૯૫૧ની સરકાર તરફ થી નોટીફીકેશન ધ્વારા ૭ ઓગસ્ટ ૧૯૫૨ ના રોજ વાદીના પિતાને બે ગામ, શેરગઢ તથા માતરવાણીયાના ગીરાસદાર તરીકે નિયુકત કરવામાં આવેલ છે અને ત્યારથી અમો **વાદી ઉત્તરોત્તર વારસ દરજજે શેરગઢ મુકામે ગામતળમાં રહે છે. આમ, વાદી શેરગઢ ગામતળમાં આવેલ રહેણાંક મકાનમાં વર્ષોથી તેમના બાપ–દાદાના વખતથી રહે છે, વાદી પાસે આવેલ રહેણાંકના મકાનનો કબજો–ભોગવટો માલીક દરજજે કાયદેસરનો આવેલ છે, જેનો નીયમીત વેરો આ કામના પ્રતિવાદી નં.૧ સમક્ષ વાદી ભરે છે તેમજ વાદીના ઉપરોકત રહેણાંક મકાનમાં વર્ષો થયા વિજ કનેકશન આવેલ છે. વાદીએ કોઈ પંચાયતની જમીનમાં પેશકદમી કે દબાણ કરેલ નથી. વાદીના રહેણાંક મકાનની આસપાસ ગામતળમાં અન્ય આસામીઓના રહેણાંક મકાનો પણ આવેલ છે, જેમાં આજની તારીખે ઘણા લોકો વસવાટ કરે છે.**

વાદી તરફે વધુમાં રજુઆત છે કે, વાદીનું રહેણાંકનું મકાન તેમના પરદાદાના સમયથી આવેલ છે, જે મકાન જુનું અને ખંઢેર થઈ જતાં વાદીએ હાલ નવું મકાન બનાવેલ છે. **આ કામના પ્રતિવાદી નં.૨ મોહિતભાઈ ઉર્ફે મોહનભાઈ નારણભાઈ દયાતર ગામના સરપંચ છે. વાદીના પત્ની ઘર પાસે દિવાળી ઉપર રંગોળી કરતા હતા તે સમય દરમ્યાન પ્રતિવાદી નં.૨ તથા અન્ય વ્યકિતઓ વાદીના ઘર પાસે ફટાકડા ફોડતા હોય, જેથી વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ને તેમના ઘર પાસે ફટાકડા ફોડવાની ના પાડતાં, પ્રતિવાદી નં.૨ એ વાદીના પત્નીને પકડી ઘરમાંથી બહાર ખેંચી ગાળો આપી ગાલ ઉપર થપ્પડ મારેલ. જેથી વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ઉપર કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નં.૧૧૨૦૩૦૩૦૨૩૦૮૮૯, તા.૧૪–૧૧–૨૦૨૩ ના રોજ ફરીયાદ કરેલ.** જે ફરીયાદના આધારે પ્રતિવાદી નં.૨ સામે નામ.કોર્ટમાં ચાર્જશીટ થયેલ છે, જે હાલ નામ.કોર્ટમાં પેન્ડીંગ છે.

**પ્રતિવાદી નં.૨ શેરગઢ ગામના સરપંચ હોય, જેથી વાદીએ કોઈ પેશકદમી કરેલ ન હોવાની તમામ હકીકતો જાણતાં હોવા છતાં વાદીને હેરાન–પરેશાન કરવા તથા વાદીના પત્નીએ કરેલ ફરીયાદમાં સમાધાન કરવાના બદઈરાદે માલાફાઈડ ઈન્ટેનશનથી,તેઓએ ગામતળ ની જમીનમાં કોઈ પેશકદમી કરેલ ન હોવા છતા કોઈપણ જાતના આધાર  પુરાવા કે માપણી કર્યા વગર કે આ કામના પ્રતિવાદી નં.૨ ને આવી નોટીસ આપવાના અધિકાર ન હોવા છતાં વાદીને અવાર–નવાર દબાણ દુર કરવા તા.૨૨–૦૪–૨૪, તા.૦૩–૦૫–૨૦૨૪ તથા તા.૧૫–૦૫–૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ.** જે નોટીસનો વાદીએ તેમના વકિલશ્રી મારફત તમામ આધાર પુરાવા સાથે તા.૦૫–૦૬–૨૦૨૪ના રોજ જવાબ આપેલ છે તેમજ આ અંગેની ફરીયાદ જીલ્લા વિકાસ અધિકારી, જુનાગઢને પણ કરેલ છે.

વાદી તરફે વધુમાં રજુઆત છે કે,**તાલુકા વિકાસ અધિકારી કેશોદ ને  શેરગઢ ગામે માર્ગ અને મકાન વિભાગની મંજુરી વગર રસ્તામાં નડતરરૂપ પ્રતિવાદી નં.૨ નાએ ગેટ બનાવેલ હોય જેથી વાદીએ પ્રતિવાદી નં.૨ વિરૂધ્ધ તા.૨૯–૦૧–૨૦૨૪ ના રોજ અરજી કરેલ, જેમાં પ્રતિવાદી નં.૨ સામે કાર્યવાહી થાય તેમ હોય, જેથી વાદીએ પંચાયત ની જમીન ઉપર કોઈપણ દબાણ કરેલ ન હોય તેમ છતાં અવાર–નવાર નોટીસ આપી વાદી ઉપર દબાણ લાવવા પ્રયત્ન કરે છે.** તેમ છતાં **વાદીએ પ્રતિવાદીઓ સમક્ષ તેઓના રહેણાંક મકાનના તમામ આધાર પુરાવાઓ રજુ કરેલ હોવા છતાં પ્રતિવાદી નં.ર માત્રને માત્ર વાદીને હેરાન–પરેશાન કરવાના બદઈરાદે માલાફાઈડ ઈન્ટેનશનથી સરપંચ તરીકેના હોદાનો દુરઉપયોગ કરી વાદીને ટારગેટ કરી તા.૧૧–૦૭–૨૦૨૫, તા.૨૭–૦૭–૨૦૨૫ તથા તા.૨૩–૦૯–૨૦૨૫ના રોજ નોટીસો આપેલ છે.** જેથી ફરી વાદીએ તેમના વકીલશ્રી મારફત પ્રતિવાદીને તા.૦૧–૧૦–૨૦૨૫ના રોજ જવાબ આપેલ છે. **પ્રતિવાદી નં.૨ ને વાદીને પંચાયત ધારા નીચે કોઈપણ નોટીસ આપવા અધિકાર ન હોવા છતાં માત્ર વાદીને ટારગેટ કરી વારંવાર દબાણ ખુલ્લુ કરવાની નોટીસો આપી વાદીને વિના કારણે હેરાન–પરેશાન કરે છે. વાદીના રહેણાંક મકાનની આસ–પાસ અન્ય અસંખ્ય વ્યકિતઓના રહેણાંકના મકાન આવેલ છે. વાદીએ તપાસ કરતાં, આવા કોઈ**

**વ્યકિતઓ ને પંચાયત તરફથી કોઈ નોટીસ આપવામાં આવેલ નથી. શેરગઢ ગામમાં ઘણી બધી જગ્યાએ દબાણો થયેલ છે, જો ખરેખર પંચાયતને પંચાયતની જમીન ઉપર દબાણ દુર કરવું હોય તો આવા તમામ દબાણ કર્તાઓને નોટીસ આપવી જોઈએ, જે આજ સુધી આપેલ નથી, પરંતુ પ્રતિવાદીઓને પંચાયતની જમીનમાં કોઈ દબાણ દુર કરવું ન હોય, માત્ર વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ઉપર ફરીયાદ કરેલ હોય તેમજ વાદીએ પ્રતિવાદી નં.૨ સામે તાલુકા વિકાસ અધિકારીને ફરીયાદ કરેલ હોય, જેનો બદલો વાળવા અને વાદીને ફરીયાદ પરત ખેંચવા દબાણ ઉભું કરવાના બદઈરાદે રાગદ્વેષ રાખી સરપંચ તરીકેના હોદાનો દુરઉપયોગ કરી કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં માલાફાઈડ ઈન્ટેનશનથી નોટીસ આપી વિના કારણે હેરાન–પરેશાન કરે છે.**

વાદી તરફે વધુમાં રજુઆત છે કે, તેઓ જન્મથી શેરગઢ મુકામે તેમના મકાનમાં રહે છે, તેઓના પરદાદાને આ મકાન સરકાર તરફથી આપવામાં આવેલ છે, આમ આ રહેણાંક મકાન વાળી જગ્યા વાદીના માલકી કબજા ભોગવટાની આવેલ છે. **વાદીએ પંચાયતની જમીનમાં કોઈપણ પ્રકારનું દબાણ કરેલ નથી, પ્રતિવાદી નં.૨ એ તેમની નોટીસમાં વાદીએ કેટલી જગ્યામાં કઈ દિશામાં કેટલું દબાણ કરેલ છે તે જણાવેલ નથી, આમ પ્રતિવાદી નં.૨ પણ વાદીએ દબાણ કરેલ છે કે કેમ તે જાણતાં ન હોવા છતાં માત્રને માત્ર હોદાનો દુરઉપયોગ કરી કોઈ અધિકાર ન હોવા છતા નોટીસ આપી હોદાનો દુરઉપયોગ કરી વાદી ઉપર ખોટી નોટીસો આપી દબાણ લાવવા સતત પ્રયત્ન કરી રહેલ છે.** પ્રતિવાદી નં.૧ માથાભારે સ્વભાવના છે આ કામના પ્રતિવાદી નં.૧ હોદાનો દુરઉપયોગ કરી, શેરગઢ ગામના પાદરમાં પૂર્વ બાજુએ કોઈપણ જાતની પરવાનગી વગર પંચાયતની જમીનમાં ત્રણ દુકાનો બનાવેલ છે તે દુર કરવાને બદલે વાદીને ખોટી રીતે નોટીસ આપેલ છે, પ્રતિવાદી નં.૨ માથાભારે તથા ઝનુની માણસ છે, પ્રતિવાદી નં.૨ નાએ એક દલીત વ્યકિતને મારી નાખવાનો પ્રયત્ન કરેલ છે, જેમાં આશરે ત્રણ માસ જેવો સમય જેલમાં રહેલ છે. **વાદીએ પંચાયતની જમીનમાં કોઈ દબાણ કરેલ નથી, જેથી પ્રતિવાદીઓને વાદીને કોઈ નોટીસ આપવા હકક કે અધિકાર નથી, તેમ છતાં કાયદો હાથમાં લઈ હોદાનો દુર ઉપયોગ કરી કોઈપણ જાતની માપણી કે ખરાઈ કર્યા વગર કે વાદીએ રજુ કરેલ આધાર–પુરાવાઓ ધ્યાને લીધા વગર વાદીને ફરી તા.૧૭–૦૩–૨૦૨૬ ના રોજ પોલીસ પ્રોટેકશન સાથે દબાણ દુર કરવા નોટીસ આપેલ છે. વાદીએ કોઈ દબાણ કરેલ ન હોવા છતાં જો પ્રતિવાદી નં.૨ કાયદાનો દુરઉપયોગ કરી પોલીસ પ્રોટેકશન સાથે આવી વાદીનું રહેણાંક મકાન પાડી નાખે તો વાદીને અન્યાય થાય તેમ છે અને વિના કારણે ખોટા લિટીગેશનો ઉભા થાય તેમ છે તેમજ વાદીની તમામ ઘરવખરી વેર વિખેર થઈ જાય તેમ છે અને વાદી પોતાની માલીકીના રહેણાંક મકાનથી કાયમી વંચીત રહે તેવી સ્થીતીનું નિર્માણ થાય તેમ છે. વાદીને મોટી આર્થિક નુકશાની જાય તેમ છે. જેથી પ્રતિવાદીઓને તેમ કરતા રોકવા જરૂરી હોય, પ્રતિવાદીઓ નામદાર કોર્ટના હુકમ સિવાય માને તેમ ન હોય, જેથી**

**પ્રતિવાદીઓ સામે હાલનો દાવો કરેલ છે, જે દાવો ચાલતા ઘણો સમય જાય તેમ છે, તે સમય દરમ્યાન જો પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ ગેરકાયદે નોટીસના આધારે પોલીસ પ્રોટેકશન સાથે વાદીની માલીકી કબજા ભોગવટાનું રહેણાંક મકાન તોડી પાડે કે ખાલી કરાવે તો દાવાનો કોઈ હેતુ રહે નહીં, જેથી હાલનો દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈહુકમ મળવા અંગેની અરજી કરવા ફરજ પડેલ છે.**

વાદી નું શેરગઢ ગામે ગામતળમાં આવેલ રહેણાંક મકાન તેઓના બાપ દાદાના વખત થી આવેલ છે જે મકાન તેઓની માલીકી કબજા ભોગવટા નું આવેલ છે જેમાં વાદી રહે છે. વાદીનો પ્રાઈમાફેસી કેસ ઘણો જ મજબુત છે, જો પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ ગેરકાયદે નોટીસના આધારે વાદીની માલીકીનું ગામતળમાં આવેલ રહેણાંક મકાન તોડી પાડે કે ખાલી કરાવે, તો વાદીને નાણામાં ન પુરી શકાય તેવું કાયમી નુકશાન જાય તેમ છે તેમજ વાદીની માલીકીના મકાનથી કાયમી વંચીત રહે તેવી સ્થીતનું નિમાર્ણ થાય તેમ છે, જો તેમ થાય તો વાદીને નાણામાં ન પુરી શકાય તેવુ કાયમી નુકશાન જાય તેમ છે અને ભવિષ્યમાં મલ્ટીપ્લીસીટી પ્રોસીડીંગ થાય તેમ છે. આમ, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીની તરફેણમાં છે, જે સામે જો વાદીની તરફેણમાં મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકસાન જાય તેમ નથી. જે સામે વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો પ્રતિવાદીઓ બળજબરી કરી કાયદો હાથમાં લઈ વાદીનું માલીકીનું ગામતળમાં આવેલ મકાન ગેરકાયદે પોલીસ પ્રોટેક્શન સાથે તોડી પાડે તેમ છે. જેથી પ્રતિવાદીઓના આવા ગેરકાયદે કૃત્યને રોકવા-અટકાવવા તાત્કાલીક મનાઈ હુકમ આપવો ન્યાયના હિતમાં ખુબ જ જરૂરી છે તેમ જણાવી, પ્રતિવાદીઓ જાતે કે તેમના મુખત્યાર, માણસો,એજન્ટો, નોકરો, કોન્ટ્રાકટરો કે અન્ય કોઈપણ વ્યકિત મારફત ગામતળમાં આવેલ વાદીનું દાવાવાળું વાદગ્રસ્ત રહેણાંક મકાન આશરે ૧૨૫ ચો.મી. પ્રતિવાદીઓ ગેરકાયદે નોટીસના આધારે તોડી પાડે-પડાવે નહીં કે ખાલી કરે-કરાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા દાદ માંગેલ છે.

**(૨)....**પ્રતિવાદીઓને ધોરણસર નોટીસ-સમન્સની બજવણી થતાં, વાદીની દાવા અરજી તથા વચગાળાની મનાઇ હુકમની અરજી સામે પ્રતિવાદીઓ તરફે આંક-૧૭ થી વાંધા-જવાબ રજુ કરેલા છે.

પ્રતિવાદીઓ તરફે તેઓના લેખિત વાંધા-જવાબમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, વાદીનો દાવો શુધ્ધબુદ્ધીના અભાવ વાળો, જુઠો તથા ઉપજાવેલી કાઢેલ હકીકત વાળો છે. વાદીના દાવાની સમયમર્યાદાના કાયદાના પ્રબંધોનો સ્પષ્ટપણ બાધ નડે છે. વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે. વાદી શેરગઢ જન્મથી જ રહે છે કે કેમ કે વાદીના દાદા કોઈ બારખલિદાર હતા કે કેમ કે તેમની પાસે સ્ટેટના સમયની ખેતીની જમીન કે ગામતળના રહેણાંકના મકાન આવેલ છે કે કેમ કે વાદી ના પિતાનું નામ વારસદાર તરીકે સૌરાષ્ટ્ર લેન્ડ રીફોર્મર્સ તરીકે ગિરાસદાર તરીકે દાખલ કરવામાં આવેલ છે કે કેમ, તે અંગે તેઓને કોઈ અંગત માહિતી નથી. વાદીએ ગ્રામ પંચાયત શેરગઢની જમીન

પર પેશકદમી કરેલ છે અને જે બાબતની પંચાયત દ્વારા કાયદા મુજબ ત્રણ વખત નોટિસો પણ આપવામાં આવેલ છે.

**વાદીએ જૂનું મકાન પાડી હાલ નવું મકાન બનાવેલ છે અને તેમાં વાદીએ પેશકદમી કરેલ છે, જે રેકર્ડ પરની હકીકત છે. વાદી સિવાય અન્ય આસામીઓએ પણ પેશકદમી કરેલ છે, તેમને પણ પ્રતિવાદીઓએ પેશકદમી હટાવવા નોટીસો આપવામાં આવેલ છે. વાદીએ પ્રતિવાદી નં.૨ સામે ખોટી ફરિયાદ કરેલ છે, જે નામદાર અદાલતમાં વિચારાધીન છે. પ્રતિવાદીઓએ ફક્ત વાદી એકને નહીં, પરંતુ વાદી સિવાય અન્ય ઘણા આસમીઓને પેશકદમી દૂર કરવા માટે નોટીસ આપેલ છે.** વાદીએ કોઈ આધાર–પુરાવા વગર જવાબો આપેલ છે, જે કાયદા મુજબ ટકવાપાત્ર નથી.

પ્રતિવાદીઓ તરફે વધુમાં રજુઆત છે કે, તેઓએ કાયદા મુજબ થતી તમામ કાર્યવાહી કરેલી છે, વાદી ખોટી હકીકતવાળો દાવો લાવેલ છે. પ્રતિવાદીઓએ કોઈ નડતરરૂપ ગેટ બનાવેલ નથી, માર્ગ અને મકાન વિભાગને નડતર રૂપ હોઈ એવી કોઈ હકીકત વાદી રેકર્ડ પર લાવી શકેલ નથી. વાદીએ દબાણ કરેલ હોય, કાયદા મુજબ વાદી સામે નોટીસ વ્યહવાર કરેલ છે. વાદીએ કોઈ રહેણાંક મકાનના આધાર પુરાવા રજૂ કરેલ નથી, **પ્રતિવાદીએ કોઈ હોદાનો દુરુપયોગ કરેલ નથી કે વાદીને કોઈ ટાર્ગેટ કરેલ નથી. પ્રતિવાદી નં.૨ ને પંચાયત ધારા હેઠળ નોટીસ આપવા અધિકાર છે, પ્રતિવાદીઓ દ્વારા શેરગઢ ગામની ઘણી વ્યક્તિઓને દબાણ દૂર કરવાની નોટીસો આપેલ છે. વાદીએ ગ્રામ પંચાયત શેરગઢની ચો.મી. ૧૨૫.૪૧ જેટલી જમીનમાં પેશકદમી કરેલ છે, વાદીને આપેલ નોટીસમાં ઉક્ત બાબતનો ઉલ્લેખ કરેલ છે, પ્રતિવાદીએ કોઈ હોદાનો દુરુપયોગ કરી નોટીસ આપેલ નથી, પરંતુ ગ્રામ પંચાયત તથા ગ્રામજનોના હિતમાં કામગીરી કરેલ છે**. પ્રતિવાદીઓ કોઈ માથાભારે વ્યક્તિ કે જનૂની વ્યક્તિ નથી, તેઓએ કોઇ ત્રણ દુકાનો બનાવેલ નથી તેઓ સરકારી કર્મચારી છે વાદીએ સંપૂર્ણ હકકીત જૂઠી ઉભી કરેલ છે. **પ્રતિવાદીઓએ કાયદા મુજબ લોકહિતકારી પ્રવૃતિ અને કાયદા મુજબ પ્રવૃતિ કરેલ છે, જેમાં વાદીએ શેરગઢ ગ્રામ પંચાયતની ૧૨૫.૪૧ ચો.મી. જમીનમાં ગેરકાયદેસર કબજો કરેલ છે, જે દૂર કરવો આવશ્યક છે, વાદીએ ધરારી અને દાદાગીરીથી સરકારી જમીન પર કબજો કરેલ છે, જે દૂર કરવો આવશ્યક છે,** વાદીને દાવો લાવવા કોઈ કારણ ઉત્પન થયેલ નથી, કારણ વગરનો દાવો ટકી શકે નહીં. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદીઓ તરફે વધુમાં રજુઆત છે કે, ખરી હકીકતે પ્રતિવાદી નં.૧ સરકારી કર્મચારી છે અને પ્રતિવાદી નં.૨ લોક પ્રતિનિધિ છે અને લોક હિતના કામો કરવા અને સરકારશ્રીના ધારા–ધોરણો મુજબ સરકારી જમીનો પર ગેરકાયદેસર કરવામાં આવેલ કબજા દૂર કરવાની કામગીરી ફરજની રૂ એ કરેલ છે, જે માટે **અમો પ્રતિવાદીઓએ પંચાયત ધારાની કલમ–૧૦૫ હેઠળ કુલ–૫૩ આસામીઓને ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા નોટીસ આપેલ છે, જેમાં પ્રતિવાદી નં.૨ ના ભાઈને પણ નોટીસ આપવામાં આવેલ**

**છે. કાયદા મુજબ થતી તમામ કાર્યવાહી પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે,** વાદીનો દાવો પ્રીમેચ્યોર અને સમય મર્યાદા બહારનો છે. **જો વાદીને મનાઈ હુકમ મળે તો પ્રતિવાદીઓને ઘણી મોટી નુકસાની થાય તેમ છે, નાણાંમાં પૂરી ન શકાય તેવું નુકશાન પ્રતિવાદી તરફે છે, લોક કલ્યાણના કામો અટકી પડે તેમ છે. જો મનાઈ હુકમ આપવામાં આવે તો સરકારી જમીન પર અનેક લોકો કબજો કરી લે તેવી પૂરતી શક્યતા રહેલ છે.** આમ, સમગ્ર હકીકતે વાદીનો દાવો તેમજ મનાઈ હુકમની અરજી ચાલવા પાત્ર ન હોઈ, સખર્ચ રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૩)....**પ્રતિવાદી તરફે ઉપરોકત વાંધા–જવાબ રજુ થયા બાદ વાદી ધ્વારા આંક–૨૦ થી પોતાનું કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે, જેમાં વાદી તરફે કરવામાં આવેલ રજુઆતો વંચાણે લીધી.

**(૪)....**વાદી તરફે તેઓના દાવાના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાની નકલો રજુ કરવામાં આવેલ છે.

| માર્ક/નિશાની | વિગત |
|---|---|
| ૪/૧ | વાદીના પરદાદાને આપેલ મકાનનો લેખ |
| ૪/૨ | ગીરાસદાર નિમ્યાનું નોટીફીકેશન |
| ૪/૩, ૪/૪,૪/૫ | વેરા પહોંચો |
| ૪/૬,૪/૭, ૪/૮ | પ્રતિવાદી ધ્વારા અપાયેલ નોટીસના વાદી તરફે જવાબ |
| ૪/૯ | વાદીએ મુખ્યમંત્રીને લખેલ પત્ર |
| ૪/૧૦ | પ્રતિવાદી નં.૨ સામે થયેલ ચાર્જશીટ |
| ૪/૧૧ | પ્રતિવાદીને વાદીએ આપેલ અંતિમ નોટીસ |

**(૪.૧)....**પ્રતિવાદીઓ તરફે તેઓના વાંધા–જવાબના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાની નકલો રજુ કરવામાં આવેલ છે.

| માર્ક/નિશાની | વિગત |
|---|---|
| ૧૮/૧ | શેરગઢ ગ્રામ પંચાયતનું દબાણ રજીસ્ટર |
| ૧૮/૨ | દબાણ દુર કરવા બાબતે પ્રતિવાદી નં.૨ ધ્વારા અલગ–અલગ ૫૩ ઈસમોને અપાયેલ નોટીસ–૧ |
| ૧૮/૩ | દબાણ દુર કરવા બાબતે પ્રતિવાદી નં.૨ ધ્વારા અલગ–અલગ ૫૩ ઈસમોને અપાયેલ નોટીસ–૨ |
| ૧૮/૪ | દબાણ દુર કરવા બાબતે પ્રતિવાદી નં.૨ ધ્વારા અલગ–અલગ ૫૩ ઈસમોને અપાયેલ નોટીસ–૩ |

| | |
|---|---|
| ૧૮/૫ | રજી.એડી. પોસ્ટની વિન્ડો સ્લીપ્સ |
| ૧૮/૬ | દબાણ દુર કરવા માટે પોલીસ બંદોબસ્ત મેળવવા પ્રતિવાદી નં.૨ ધ્વારા ટી.ડી.ઓ.ને કરાયેલ રીપોર્ટસ–૩ |

**(૫)....**ત્યારબાદ આ કામે વાદી તથા પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

**(૬)....**હાલની કામચલાઉ મનાઇ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧) | શું વાદી સાબિત કરે છે કે, તેમનો પ્રથમદર્શનીય કેસ છે? | **હકારમાં** |
| ૨) | શું વાદી સાબિત કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલાનું પલ્લું તેમની તરફેણમાં છે ? | **હકારમાં** |
| ૩) | શું વાદી સાબિત કરે છે કે, જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ છે ? | **હકારમાં** |
| ૪) | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

## –: મુદ્દા નં.૧ થી ૩ ના નિર્ણયના કારણો :–

**(૭)....**આ કામે મુદ્દા નં. ૧ થી ૩ હકીકતની દ્રષ્ટિએ તથા કાયદાની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોવાથી હકીકતોનો પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે, તેમનો પ્રથમદર્શનીય કેસ છે. પરંતુ પ્રથમદર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપોઆપ કામચલાઉ મનાઈહુકમ મેળવવા પાત્ર ઠરતા નથી, પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત, કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, કોર્ટે કામચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે. એટલે કામચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી

શકાય, અથવા ન પણ આપી શકાય. જ્યારે, પક્ષકારો પોત–પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યાના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહીં. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈહુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈહુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં, મનાઈહુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈહુકમ એ સમન્યાયીક દાદ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈહુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈહુકમ માંગનાર વ્યક્તિએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે કે, (૧) દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શક્યતા છે, (૨) મનાઈહુકમ માગનાર વ્યક્તિના હકકોના રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે, જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય, તથા (૩) જો મનાઈહુકમ માગંનાર વ્યક્તિને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, તે વ્યક્તિને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં, કામચલાઉ મનાઈહુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેકબુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જેતે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈ હુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર મનાઈ હુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમદર્શનિય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, ઉપરાંત પોતાને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થાય તેમ છે તેવું પણ બતાવવું જરૂરી છે.

**(૮)....વાદીએ હાલની અરજી કરી મહત્વની હકીકીતે જણાવેલ છે કે,** વાદી ઉત્તરોત્તર વારસ દરજજે શેરગઢ મુકામે ગામતળમાં રહે છે. આમ, વાદી શેરગઢ ગામતળમાં આવેલ રહેણાંક મકાનમાં વર્ષોથી તેમના બાપ–દાદાના વખતથી રહે છે, વાદી પાસે આવેલ રહેણાંકના મકાનનો કબજો–ભોગવટો માલીક દરજજે કાયદેસરનો આવેલ છે, જેનો નીયમીત વેરો આ કામના પ્રતિવાદી નં.૧ સમક્ષ વાદી ભરે છે તેમજ વાદીના ઉપરોકત રહેણાંક મકાનમાં વર્ષો થયા વિજ કનેકશન આવેલ છે. વાદીએ કોઈ પંચાયતની જમીનમાં પેશકદમી કે દબાણ કરેલ નથી. વાદીના રહેણાંક મકાનની આસપાસ ગામતળમાં અન્ય આસામીઓના રહેણાંક મકાનો પણ આવેલ છે, જેમાં આજની તારીખે ઘણા લોકો વસવાટ કરે છે. આ કામના પ્રતિવાદી નં.૨ મોહિતભાઈ ઉર્ફે મોહનભાઈ નારણભાઈ દયાતર ગામના સરપંચ છે. વાદીના પત્ની ઘર પાસે દિવાળી ઉપર રંગોળી કરતા હતા તે સમય દરમ્યાન પ્રતિવાદી નં.૨ તથા અન્ય

વ્યકિતઓ વાદીના ઘર પાસે ફટાકડા ફોડતા હોય, જેથી વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ને તેમના ઘર પાસે ફટાકડા ફોડવાની ના પાડતાં, પ્રતિવાદી નં.૨ એ વાદીના પત્નીને પકડી ઘરમાંથી બહાર ખેંચી ગાળો આપી ગાલ ઉપર થપ્પડ મારેલ. જેથી વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ઉપર કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુ.રજી.નં.૧૧૨૦૩૦૩૦૨૩૦૮૮૯, તા.૧૪–૧૧–૨૦૨૩ ના રોજ ફરીયાદ કરેલ. પ્રતિવાદી નં.૨ શેરગઢ ગામના સરપંચ હોય, જેથી વાદીએ કોઈ પેશકદમી કરેલ ન હોવાની તમામ હકીકતો જાણતાં હોવા છતાં વાદીને હેરાન–પરેશાન કરવા તથા વાદીના પત્નીએ કરેલ ફરીયાદમાં સમાધાન કરવાના બદઈરાદે માલાફાઈડ ઈન્ટેનશનથી,તેઓએ ગામતળ ની જમીનમાં કોઇ પેશકદમી કરેલ ન હોવા છતા કોઈપણ જાતના આધાર પુરાવા કે માપણી કર્યા વગર કે આ કામના પ્રતિવાદી નં.૨ ને આવી નોટીસ આપવાના અધિકાર ન હોવા છતાં વાદીને અવાર–નવાર દબાણ દુર કરવા તા.૨૨–૦૪–૨૪, તા.૦૩–૦૫–૨૦૨૪ તથા તા.૧૫–૦૫–૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ. વાદી તરફે વધુમાં રજુઆત છે કે,તાલુકા વિકાસ અધિકારી કેશોદ ને શેરગઢ ગામે માર્ગ અને મકાન વિભાગની મંજુરી વગર રસ્તામાં નડતરરૂપ પ્રતિવાદી નં.૨ નાએ ગેટ બનાવેલ હોય જેથી વાદીએ પ્રતિવાદી નં.૨ વિરૂધ્ધ તા.૨૯–૦૧–૨૦૨૪ ના રોજ અરજી કરેલ, જેમાં પ્રતિવાદી નં.૨ સામે કાર્યવાહી થાય તેમ હોય, જેથી વાદીએ પંચાયત ની જમીન ઉપર કોઈપણ દબાણ કરેલ ન હોય તેમ છતાં અવાર–નવાર નોટીસ આપી વાદી ઉપર દબાણ લાવવા પ્રયત્ન કરે છે. તેમ છતાં વાદીએ પ્રતિવાદીઓ સમક્ષ તેઓના રહેણાંક મકાનના તમામ આધાર પુરાવાઓ રજુ કરેલ હોવા છતાં પ્રતિવાદી નં.ર માત્રને માત્ર વાદીને હેરાન–પરેશાન કરવાના બદઈરાદે માલાફાઈડ ઈન્ટેનશનથી સરપંચ તરીકેના હોદાનો દુરઉપયોગ કરી વાદીને ટારગેટ કરી તા.૧૧–૦૭–૨૦૨૫, તા.૨૭–૦૭–૨૦૨૫ તથા તા.૨૩–૦૯–૨૦૨૫ના રોજ નોટીસો આપેલ છે. પ્રતિવાદી નં.૨ ને વાદીને પંચાયત ધારા નીચે કોઈપણ નોટીસ આપવા અધિકાર ન હોવા છતાં માત્ર વાદીને ટારગેટ કરી વારંવાર દબાણ ખુલ્લુ કરવાની નોટીસો આપી વાદીને વિના કારણે હેરાન–પરેશાન કરે છે. વાદીના રહેણાંક મકાનની આસ–પાસ અન્ય અસંખ્ય વ્યકિતઓના રહેણાંકના મકાન આવેલ છે. વાદીએ તપાસ કરતાં, આવા કોઈ વ્યકિતઓ ને પંચાયત તરફથી કોઈ નોટીસ આપવામાં આવેલ નથી. શેરગઢ ગામમાં ઘણી બધી જગ્યાએ દબાણો થયેલ છે, જો ખરેખર પંચાયતને પંચાયતની જમીન ઉપર દબાણ દુર કરવું હોય તો આવા તમામ દબાણ કર્તાઓને નોટીસ આપવી જોઈએ, જે આજ સુધી આપેલ નથી, પરંતુ પ્રતિવાદીઓને પંચાયતની જમીનમાં કોઈ દબાણ દુર કરવું ન હોય, માત્ર વાદીના પત્નીએ પ્રતિવાદી નં.૨ ઉપર ફરીયાદ કરેલ હોય તેમજ વાદીએ પ્રતિવાદી નં.૨ સામે તાલુકા વિકાસ અધિકારીને ફરીયાદ કરેલ હોય, જેનો બદલો વાળવા અને વાદીને ફરીયાદ પરત ખેંચવા દબાણ ઉભું કરવાના બદઈરાદે રાગદ્વેષ રાખી સરપંચ તરીકેના હોદાનો દુરઉપયોગ કરી કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં માલાફાઈડ ઈન્ટેનશનથી નોટીસ આપી વિના કારણે હેરાન–પરેશાન કરે છે. વાદીએ પંચાયતની જમીનમાં કોઈપણ પ્રકારનું દબાણ કરેલ નથી, પ્રતિવાદી નં.૨ એ

તેમની નોટીસમાં વાદીએ કેટલી જગ્યામાં કઈ દિશામાં કેટલું દબાણ કરેલ છે તે જણાવેલ નથી, આમ પ્રતિવાદી નં.૨ પણ વાદીએ દબાણ કરેલ છે કે કેમ તે જાણતાં ન હોવા છતાં માત્રને માત્ર હોદાનો દુરઉપયોગ કરી કોઈ અધિકાર ન હોવા છતા નોટીસ આપી હોદાનો દુરઉપયોગ કરી વાદી ઉપર ખોટી નોટીસો આપી દબાણ લાવવા સતત પ્રયત્ન કરી રહેલ છે. વાદીએ પંચાયતની જમીનમાં કોઈ દબાણ કરેલ નથી, જેથી પ્રતિવાદીઓને વાદીને કોઈ નોટીસ આપવા હકક કે અધિકાર નથી, તેમ છતાં કાયદો હાથમાં લઈ હોદાનો દુર ઉપયોગ કરી કોઈપણ જાતની માપણી કે ખરાઈ કર્યા વગર કે વાદીએ રજુ કરેલ આધાર–પુરાવાઓ ધ્યાને લીધા વગર વાદીને ફરી તા.૧૭–૦૩–૨૦૨૬ ના રોજ પોલીસ પ્રોટેકશન સાથે દબાણ દુર કરવા નોટીસ આપેલ છે. વાદીએ કોઈ દબાણ કરેલ ન હોવા છતાં જો પ્રતિવાદી નં.૨ કાયદાનો દુરઉપયોગ કરી પોલીસ પ્રોટેકશન સાથે આવી વાદીનું રહેણાંક મકાન પાડી નાખે તો વાદીને અન્યાય થાય તેમ છે અને વિના કારણે ખોટા લિટીગેશનો ઉભા થાય તેમ છે તેમજ વાદીની તમામ ઘરવખરી વેર વિખેર થઈ જાય તેમ છે અને વાદી પોતાની માલીકીના રહેણાંક મકાનથી કાયમી વંચીત રહે તેવી સ્થીતીનું નિર્માણ થાય તેમ છે. વાદીને મોટી આર્થિક નુકશાની જાય તેમ છે. જેથી પ્રતિવાદીઓને તેમ કરતા રોકવા જરૂરી હોય, પ્રતિવાદીઓ નામદાર કોર્ટના હુકમ સિવાય માને તેમ ન હોય, જેથી પ્રતિવાદીઓ સામે હાલનો દાવો કરેલ છે, જે દાવો ચાલતા ઘણો સમય જાય તેમ છે, તે સમય દરમ્યાન જો પ્રતિવાદીઓ કાયદો હાથમાં લઈ ગેરકાયદે નોટીસના આધારે પોલીસ પ્રોટેકશન સાથે વાદીની માલીકી કબજા ભોગવટાનું રહેણાંક મકાન તોડી પાડે કે ખાલી કરાવે તો દાવાનો કોઈ હેતુ રહે નહીં, જેથી હાલનો દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈહુકમ મળવા અંગેની અરજી કરવા ફરજ પડેલ છે.

**પ્રતિવાદી તરફે પોતાના જવાબમાં મહત્વની હકીકતે જણાવવામાં આવેલ છે કે,** વાદીએ જૂનું મકાન પાડી હાલ નવું મકાન બનાવેલ છે અને તેમાં વાદીએ પેશકદમી કરેલ છે, જે રેકર્ડ પરની હકીકત છે. વાદી સિવાય અન્ય આસામીઓએ પણ પેશકદમી કરેલ છે, તેમને પણ પ્રતિવાદીઓએ પેશકદમી હટાવવા નોટીસો આપવામાં આવેલ છે. વાદીએ પ્રતિવાદી નં.૨ સામે ખોટી ફરિયાદ કરેલ છે, જે નામદાર અદાલતમાં વિચારાધીન છે. પ્રતિવાદીઓએ ફક્ત વાદી એકને નહીં, પરંતુ વાદી સિવાય અન્ય ઘણા આસમીઓને પેશકદમી દૂર કરવા માટે નોટીસ આપેલ છે. વાદીએ કોઈ આધાર–પુરાવા વગર જવાબો આપેલ છે, જે કાયદા મુજબ ટકવાપાત્ર નથી. પ્રતિવાદીએ કોઈ હોદાનો દુરુપયોગ કરેલ નથી કે વાદીને કોઈ ટાર્ગેટ કરેલ નથી. પ્રતિવાદી નં.૨ ને પંચાયત ધારા હેઠળ નોટીસ આપવા અધિકાર છે, પ્રતિવાદીઓ દ્વારા શેરગઢ ગામની ઘણી વ્યક્તિઓને દબાણ દૂર કરવાની નોટીસો આપેલ છે. વાદીએ ગ્રામ પંચાયત શેરગઢની ચો.મી. ૧૨૫.૪૧ જેટલી જમીનમાં પેશકદમી કરેલ છે, વાદીને આપેલ નોટીસમાં ઉક્ત બાબતનો ઉલ્લેખ કરેલ છે, પ્રતિવાદીએ કોઈ હોદાનો દુરુપયોગ કરી નોટીસ આપેલ

નથી, પરંતુ ગ્રામ પંચાયત તથા ગ્રામજનોના હિતમાં કામગીરી કરેલ છે. પ્રતિવાદીઓએ કાયદા મુજબ લોકહિતકારી પ્રવૃતિ અને કાયદા મુજબ પ્રવૃતિ કરેલ છે, જેમાં વાદીએ શેરગઢ ગ્રામ પંચાયતની ૧૨૫.૭૧ ચો.મી. જમીનમાં ગેરકાયદેસર કબજો કરેલ છે, જે દૂર કરવો આવશ્યક છે, વાદીએ ધરારી અને દાદાગીરીથી સરકારી જમીન પર કબજો કરેલ છે, જે દૂર કરવો આવશ્યક છે, પ્રતિવાદીઓ તરફે વધુમાં રજુઆત છે કે, ખરી હકીકતે પ્રતિવાદી નં.૧ સરકારી કર્મચારી છે અને પ્રતિવાદી નં.૨ લોક પ્રતિનિધિ છે અને લોક હિતના કામો કરવા અને સરકારશ્રીના ધારા–ધોરણો મુજબ સરકારી જમીનો પર ગેરકાયદેસર કરવામાં આવેલ કબજા દૂર કરવાની કામગીરી ફરજની રૂએ કરેલ છે, જે માટે અમો પ્રતિવાદીઓએ પંચાયત ધારાની કલમ–૧૦૫ હેઠળ કુલ–૫૩ આસામીઓને ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા નોટીસ આપેલ છે, જેમાં પ્રતિવાદી નં.૨ ના ભાઈને પણ નોટીસ આપવામાં આવેલ છે. કાયદા મુજબ થતી તમામ કાર્યવાહી પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે, વાદીનો દાવો પ્રીમેચ્યોર અને સમય મર્યાદા બહારનો છે. જો વાદીને મનાઈ હુકમ મળે તો પ્રતિવાદીઓને ઘણી મોટી નુકસાની થાય તેમ છે, નાણાંમાં પૂરી ન શકાય તેવું નુકશાન પ્રતિવાદી તરફે છે, લોક કલ્યાણના કામો અટકી પડે તેમ છે. જો મનાઈ હુકમ આપવામાં આવે તો સરકારી જમીન પર અનેક લોકો કબજો કરી લે તેવી પૂરતી શક્યતા રહેલ છે.

(૯).... ઉપરોકત વાદી ની હાલ ની અરજી ની હકીકત તથા પ્રતિવાદીઓનો જવાબ વંચાણે ધ્યાને લેતા વાદી ઉપર ગ્રામ પંચાયત શેરગઢની ચો.મી. ૧૨૫.૭૧ જેટલી જમીનમાં પેશકદમી કરેલ છે તેવો આક્ષેપ છે. જયારે વાદીએ કોઇ દબાણ કરેલ ન હોવાની હકકીત જણાવેલ છે. પ્રતિવાદીઓ તરફે વાદી ને તથા અન્ય દબાણ કરનાર વ્યકિતઓને નોટીસ આપેલ હોવાનું જણાવેલ છે અને તે અનુસંધાને ની નોટીસો આ કામે રજુ રાખેલ છે. વાદી તરફે રજૂઆત છે કે, વાદી ઉત્તરોત્તર વારસ દરજજે શેરગઢ મુકામે ગામતળમાં રહે છે. આમ, વાદી શેરગઢ ગામતળમાં આવેલ રહેણાંક મકાનમાં વર્ષોથી તેમના બાપ–દાદાના વખતથી રહે છે, વાદી પાસે આવેલ રહેણાંકના મકાનનો કબજો–ભોગવટો માલીક દરજજે કાયદેસરનો આવેલ છે, જેનો નીયમીત વેરો આ કામના પ્રતિવાદી નં.૧ સમક્ષ વાદી ભરે છે તેમજ વાદીના ઉપરોકત રહેણાંક મકાનમાં વર્ષો થયા વિજ કનેકશન આવેલ છે. વાદીએ કોઈ પંચાયતની જમીનમાં પેશકદમી કે દબાણ કરેલ નથી. વાદીએ જૂનું મકાન પાડી હાલ નવું મકાન બનાવેલ છે અને તેમાં વાદીએ પેશકદમી કરેલ છે, જે રેકર્ડ પરની હકીકત છે તેવું પ્રતિવાદીઓ દ્વારા જણાવવામાં આવેલ છે. પ્રતિવાદી દ્વારા વાદી ની જમીન ની માપણી કરાવેલ હોય અને તે માપણી શીટ રજુ રાખેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાતું નથી. વાદીએ ખરેખર દબાણ કરેલ છે કે કેમ તે પુરાવો લીધા બાદ જ નકકી કરી શકાય તેમ હોય અને તે માટે વિસ્તાર પૂર્વક નો પુરાવો લીધા બાદ નકકી કરી શકાય તેમ હોય ત્યારે વાદી નો પ્રથમ દર્શનીય કેસ જણાતો હોય તેમ જ જો હાલના તબકકે મનાઇ ન આપવામાં આવે તો

પ્રતિવાદીઓ દ્વારા કહેવાતુ દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવે તો વાદી ને અગવડતા થાય તેમ હોય અને નાણાકીય નુકશાન પણ થાય તેમ હોય ત્યારે તેમજ પ્રતિવાદીએ જે દબાણ ની વાત કરેલ છે તે માટે કોઇ માપણી કરાવેલ હોય કે તે અન્વયે ની કોઇ માપણી શીટ રજુ રાખેલ ન હોય ત્યારે વાદી મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરવામાં સફળ થયેલ હોય **મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ'' હકારમાં '' ઠરાવવામાં આવે છે.**

**:: હુકમ ::**

૧)....વાદીની હાલની આંક–૫ ની અરજી આથી '' **મંજુર** '' કરવામાં આવે છે.

૨)....આ કામના પ્રતિવાદીઓએ જાતે કે તેમના મુખત્યાર, માણસો,એજન્ટો, નોકરો, કોન્ટ્રાકટરો કે અન્ય કોઈપણ વ્યકિત મારફત ગામતળમાં આવેલ વાદીનું દાવાવાળું વાદગ્રસ્ત રહેણાંક મકાન આશરે ૧૨૫ ચો.મી. પ્રતિવાદીઓએ તોડી પાડવુ પડાવવુ  નહીં કે ખાલી કરવુ  કરાવવુ નહી  તેવો વચગાળાનો મનાઈ હુકમ દાવા ના આખરી નિકાલ સુધી ફરમાવવા આવે છે.

૩)....ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ :૩૦ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તા.૩૦–૦૭–૨૦૨૬

( તરૂણ મોહનદાસ શ્રીમાળી )
એડીશ્નલ સીનીયર સીવીલ જજ
કે શો દ
જજ કોડ નં.જીજે ૦૧૩૦૬